**DATE: 22/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# નેત્રંગ તાલુકામાં બે સ્થળેથી જુગાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

ભાંગોરી બલદવા ગામના મહેશ વસાવાને ત્યાં પોલીસે દરોડો પાડી તેને આંકડાનો જુગાર રમાડતા ઝડપી પાડયો હતો. તેની પાસેથી 8,155નો મુદ્દામાલ કબજે લેવાયો છે. આરોપી જેની પાસે આંકડા લખાવતો હતો તે ચંદ્રવાણના રવિન્દ્ર વસાવાને વોન્ટેડ જાહેર કરાયો છે. આંકડાનો બીજો જુગાર મોરીયાણા ગામેથી ઝડપાયો હતો.રતિલાલ વસાવાને તેના ઘરના આગળના ભાગે ઓટલા પર બેસીને આંક ફરકના આંકડા લખતો ઝડપી લીધો હતો. તેની પાસેથી રૂા. 1,050 નો મુદ્દામાલ કબજે લેવાયો છે.

**DATE: 22/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### ૧૪ કાર્ટીઝ મળી રૂા.૭૧ હજારનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વરની ચોકડી પાસેથી પિસ્તોલ સાથે એક ઝડપાયો

| અંકલેશ્વર |

અંકલેશ્વરની ચોકડી પાસેથી પિસ્તોલ સાથે એક ઝડપાતાં પોલીસે ૧૪ કાર્ટીઝ મળી રૂા. ૭૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ એલસીબીનો સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે રાજપીપળા ચોકડી પર બે ઈસમો ઉભેલ છે. જે બંને પૈકી એક પાસે પિસ્તોલ છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર જતાં બંને ઈસમો ભાગવા જતાં એકને પોલીસ ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી એક દેશી પિસ્તોલ, ૧૪ કાર્ટીઝ અને ૨ મેગ્જિન અને એક બાઈક મળી કુલ ૭૧ હજારના મુદ્દામાલ કબજે કર્યો હતો. મૂળ બોટાદ અને હાલ જોલવા ગામના ભરત માલા બાંબાને ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછ કરતાં જોલવા ગામના અને ગડખોલ ગામની પરિશ્રમ સોસાયટીમાં રહેતો રોહિત સુનિલ મંડલએ તું રાજપીપળા ચોકડી આવી જા તેમ કહેતા તે ત્યાં પહોંચ્યો હતો અને રોહિત મંડલે ભરત બાંબાને પિસ્તોલ અને કાર્ટીઝ આપ્યા હતા. જે બાદ પોલીસે તેની ધરપકડ કરી ફરાર રોહિત મંડલને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 22/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## અભયમની ટીમને ફોન આવતાં સ્થળ પર પહોંચી મદદ કરી

# પરિણીતાને પાગલ કહી હેરાનગતિ કરતાં પતિ અને સાસુ સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાંથી એક પીડિતાનો કોલ આવતા તેણે જણાવ્યું હતું કે, તેના પતિ સાથે લડાઈ થતાં હું મારા પિયર માં જતી રહી હતી.પાંચ દિવસ પછી હું પાછી મારી સાસરીમાં આવી તો મારા પતિ અને મારા સાસુ ઘરમાં ઘૂસવા દેતા નથી.પતિ અને સાસુ કહે છે તારી દિમાગી હાલત સારી નથી જેથી અમારે તને રાખવી નથી અને છુટાછેડા લેવાના છે તેથી હમણાં તું જતી રે અમે આવી મારા દીકરા પર હાથ ઉપાડે આવી પાગલ ને રાખવા માગતા નથી. વધુમાં પીડીતાએ જણાવ્યું હતું કે, તેનો એક દીકરો છે અને લઈ ને હમણાં હું ક્યાં જાવ મારા પતિ અને સાસુ એકજ વાતથી મને પાગલ કહે છે કે તું આખો દિવસ ફોન લઈ ને બેસી રહે છે.અને મારું બાળક કઈ ભૂલ કરે તો હું મારું છું એમાં મારા પતિ મને જબરજસ્તી મગજના ડોકટર પાસે લઈ ગયા કે મને ગુસ્સો વધારે આવે છે.અને દવા પણ જબરજસ્તી લેવા કહે છે.

દીકરાને મે માર માર્યો તો તેઓ મને ડોકટર પાસે લઇ ગયા હતાં જેથી હું પિયરમાં આવી ગઈ તો મને છુટાછેડા આપવાની વાત કરે છે.

અભયમની ટીમે સાસુ અને પતિ તથા પિડીતાનું કાઉન્સેલિંગ કરીને કાયદાકીય સમજ આપી હતી. પતિ અને સાસુએ બાંહેધરી પત્ર લખી આપતાં મામલો થાળે પડયો હતો. પતિ અને સાસુએ વહુને હવે પછી હેરાન નહિ કરે તેવી ખાતરી આપતાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી ન હતી. અભયમની ટીમને સૌથી વધારે મહિલાઓ ફોન કરી મદદ માગી રહી છે.

**DATE: 22/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ગડખોલમાં પાનની આડમાં દારૂ વેચતો દુકાનદાર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં પોલીસે દારૂડિયાઓ તથા બુટલેગરો સામે તવાઈ બોલાવી છે. બી ડિવિઝન પોલીસે કલ્પેશ પટેલ નામના યુવાને કાર નશાની હાલતમાં હંકારતો ઝડપી પાડયો હતો. તેણે અંદાડાના બોરિંગ ફળિયામાં રહેતાં હેમંત પટેલ પાસેથી દારુ લાવ્યો હોવાની કબુલાત કરતાં તેની સામે પણ ગુનો દાખલ કરાયો છે. નવા છાપરા ખાતે રહેતા જીગ્નેશ વસાવા દારૂનો જથ્થો લઈ વેચાણ કરે છે તેવી ચોક્કસ માહિતી ના આધારે પોલીસે દરોડા પાડી તેને દારૂના 36 પાઉચ સાથે ઝડપી પાડયો હતો. ગડખોલ ગ્રામ પંચાયત પાસે ના શોપિંગમાં આવેલ મુરલીધર પાન સેન્ટર નામની દુકાન ચલાવતા દીપેશ પટેલની દુકાનમાંથી દારૂની ત્રણ નંગ બોટલ ઝડપી પાડી હતી. પોલીસેદુકાનદારની ધરપકડ કરી હતી જયારે ધવલ ચુનીલાલ પટેલને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 22/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# હાંસોટમાંથી 3 ખેલી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

હાંસોટ ગ્રામ પંચાયતની પાણીની ટાંકીની સામે આવેલાં વડના ઝાડની નીચે ખુલ્લી જગ્યામાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગાર રમતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે ત્રણેય જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. પુછપરછમાં તેમના નામ દિનેશ મોદી, કિશોર પટેલ તેમજ માધુ રાઠોડ હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની પાસેથી કુલ 5 હજાર રૂપિયા રોકડા જપ્ત કરી તેમની સામે ગુનો દાખલ કર્યો છે.

**DATE: 22/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### ૨ આરોપીની મદદથી ચોરી કરી હોવાનો ઘટસ્ફોટ

# ભરૂચમાં થયેલી ઘરફ્રોડ ચોરીમાં સંડોવાયેલા આરોપીની ધરપકડ

### રૂા. ૫૬ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરાઈ

। ભરૂચ ।

ભરૂચ શહેર સીટી પોલીસ બી ડીવીઝન પો.સ્ટે.માં બનેલા ઘરફ્રોડ ચોરીના ગુનાનો ભેદ ભરૂચ સિટી પોલીસ એ ડિવિઝને શોધી કાઢી રૂા. ૫૬ હજાર કરતા વધુનો મુદ્દામાલ સાથે ૧ આરોપી ઝડપી પાડી ૨ આરોપી વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસ ઈન્સપેક્ટર વી. યુ.ગડરીયાની સુચના તથા માર્ગદર્શન આધારે પો.સબ ઈન્સ ડી.એ.ઝાલાની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન પાંચ મહિના પહેલા ભરૂચ શહેર બી- ડીવી પો.સ્ટેશન માં ઘરફ્રોડ ચોરી થઈ હતી. જેમાં જસબીરસિંગ ટાંક નામનો ઈસમ સંડોવાયેલ છે જે હાલ સાબુગઢ ઝુપડપટ્ટીથી નિકળી બાઈક લઈને શક્તિનાથ તરફ જઈ રહેલ છે. તેવી બાતમીના આધારે જસબીરસીંગ જોગીન્દરસીંગ ટાંક (સિકલીગર) રહે. ગુલબાઈનો ટેકરો નવજીવન સ્કુલ પાછળ, કસક ભરૂચનો હોવાનુ જણાવતાં તેનીપુછપરછ માટે પો.સ્ટે ખાતે લાવી ઘરફ્રોડ ચોરી બાબતે ઉડાણ પુર્વક તેમજ યુક્તિ પ્રયુક્તિથી સખત પુછ-પરછ કરતા આ ચોરી આજ થી પાંચ મહિના પહેલા તેણે તથા બીજા બે ઈસમો દ્વારા કરેલ હોવાની કબુલાત કરી હતી.બોક્ષ પકડાયેલ આરોપીમાં જસબીરસીંગ જોગીન્દરસીંગ ટાંક (સિકલીગર) રહે, કસક, ભરૂચ જ્યારે વોન્ટેડ આરોપીઓમાં સતવંતસીંગ ઉર્ફે સંતુ ગુરદાસસીંગ ટાંક (સિકલીગર) રહે. કસક

ભરૂચઅને તેજેન્દરસીંગ ઉર્ફે રોહિત રંગબીરસીંગ ટાંક (સિકલીગર) રહે, બાજવાનો સમાવેશ થાય છે.

**DATE: 24/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# નવા છાપરાથી બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકામાં આવેલાં છાપરા ગામે દારૂ વેચાતો હોવાનીબાતમીના આધારે પોલીસે છાપરા ગામે દરોડો પાડ્યોહતો. પોલીસે વિગ્નેશ વસાવાને દારુ વેચતા ઝડપી પાડયો હતો. તેની પાસેથી દારૂના 36 પાઉચ મળી આવ્યાં હતાં. આરોપીની પૂછપરછમાં તેને માંડવા ગામનો કુખ્યાત બુટલેગર અતુલ વસાવા દારૂ જથ્થો આપી ગયો હોવાની કબૂલાત કરતાં તેને પણ ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરાયાં છે. આરોપી પાસે 3600 રૂપિયાનો મુદ્દામાલ કબજે લેવાયો છે.

**DATE: 25/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પોલીસ જવાનો ઘૂંટણસમા પાણીમાં ટ્રાફિક નિયમનમાં લાગ્યાં

# માંડવા નજીક પાણી ભરાતાં હાઈવે પર 10 કિમી સુધી વાહનોની કતાર

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

સૌ પ્રથમ વખત અંકલેશ્વર પાસે થી પસાર થતા નેશનલ હાઈવે ઉપર માંડવા પાસે સુરત તરફ જતા હાઈવે ઉપર અમરાવતી નદી સાથે વરસાદી પાણી ફરી વળ્યા હતા .પ્રથમ વખત હાઈવે ઉપર ઘૂંટણ સમા પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો હતો જો કે વાહન મહામુસીબતે વાહનો પસાર કરી રહ્યા હતા હાઈવે ઉપર પાણીના કારણે 10 કિમી સુધી ટ્રાફિક જામ ની સમસ્યા સર્જાય હતી, અંકલેશ્વર મામલતદાર કરણસિંહ રાજપુત અને ટિમ સાથે માંડવા ખાતે પહોંચ્યા હતાં અને પાણીનો નિકાલ કરાવ્યો હતો. બીજી તરફ ટ્રાફિક પીઆઈ ભાવના મહેરીયાના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક પોલીસની ટીમ પણ હાઈવે પર ખડેપગે રહી હતી.



**DATE: 25/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# પોતાનો જીવ જોખમમાં મૂકી બીજાને નવજીવન આપ્યું

## ખાખીની સાલસતા, તરવૈયાઓ શોધી લાવી યુવાનને બચાવ્યો



ઝઘડિયાના ખરચી ગામથી જીઆઇડીસી જવાના રસ્તા પર પાણી ભરાઇ ગયાં હતાં. આ સમયે એક કંપનીનો કર્મચારીઆ પાણીના ધસમતા પ્રવાહમાં બાઇક સાથે ફસાઇ ગયો હતો. પોલીસ જવાન જયેશ પ્રજાપતિને બનાવની જાણ થતાં તેમણે તાત્કાલિક ગામમાંથી તરવૈયાઓને શોધી લાવી દોરડાની મદદથી યુવાનનો જીવ બચાવી લીધો હતો. યુવકનો જીવ બચ્યો હતો પણ તેની મોપેડ પાણીમાં ખેંચાઇ ગઇ હતી.

**DATE: 25/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### એસઓજીની ટીમે દહેગામ પાસે પકડેલી ટ્રકના કેસમાં ઘટસ્ફોટ થયો

# બોગસ ઈ-વે બિલ તેમજ ઈન વોઈઝ બનાવી હેઝાર્ડસ વેસ્ટ નિકાલમાં બે આરોપી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચ એસઓજીની ટીમે ગત 13મી મેના રોજ દહેગામ પાસે દિલ્હી મુંબઇ હાઈવે બ્રીજ નીચેથી એક ટ્રકને શંકાના આધારે ઝડપી પાડ્યો હતો. પોલીસે ટ્રકના ડ્રાઈવર ઘમણરામ સુરારામ ભીલ (રહે. પાલનપુર)ની અટકાયત કરી હતી. ટીમે તપાસ કરતાં ટ્રકમાં શંકાસ્પદ હેઝાર્ડસ વેસ્ટ મટીરિયલ ભરેલાં 50 બેરલો મળ્યાં હતાં. તેમજ તેની પાસેથી ચૌહાણ એન્ટર પ્રાઈઝનું ઈ-વે બીલ તેમજ ટેક્ષ ઈન વોઈસ મળી આવ્યું હતું. ટીમે હેઝાર્ડઝ વેસ્ટના સેમ્પલ પૃથ્થકરણ માટે મોકલ્યાં હતાં. ઉપરાંતે તેમની પાસથી મળેલાં જીએસટી નંબરવાળા બીલની ચકાસણી કરાવવામાં આવી હતી. જેના રિપોર્ટ આવતાં જીએસટીનંબરનો બોગસ ઉપયોગ થયો હોવાનું માલુમ પડતાં તેના ધારકનો સંપર્ક કરતાં તેમનું નામ વાપીના ગણેશ સાધુ ચૌહાણ નામના કાચના



ભંગારના વેપારીનો હોવાનું માલુમ પડ્યું હતું. તેમની પુછપરછ કરતાં વિગતો મળી હતીકે, તેમના બાજુમાં આર કે સ્ટીલના માલિક રાકેશ લલય કુશવાહાએ તેના ગોડાઉનનો વેસ્ટ ઓઈલ ડસ્ટનો નિકાલ કરવા માટે સમીમ પઠાણ તેમજ કૌશરઅલી અને મોહમંદ જફીર ચૌધરીની મદદથી ખોટુ ઈ-વે બીલ તેમજ ઈનવોઈઝ બનાવ્યું હતું. ટીમે તેમની ફરિયાદના આધારે રાકેશ કુશવાહા તેમજ મોહમદજફીર અનવરઅલી ચૌધરીને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે સમીમ પઠાણ અને કૌશર અલીને ફરાર જાહેર કર્યાં હતાં.

**DATE: 25/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### મહિલા સહિત 4 ઈસમો પાસેથી 1.87 લાખનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વરમાં મહિલા ગળામાંથી ચેઈન સ્નેચિંગ કરીને ભાગતી ગેંગ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માં ગત રોજ એક મહિલા હાંસોટ રોડ પર આવેલ સેફરોનથી મોદી નગર વચ્ચે રોડ રીક્ષા ની રાહ જોઈ હંસાબેન કાપડિયા ઉભા હતી દરમિયાન એક રીક્ષા આવી ઉભી રહેતા તેમાં ત્રણ ઈસમ અને એક મહિલા બેઠા તે રીક્ષા આવી ઉભી રહેતા તેવો રીક્ષા માં બેઠા હતા દરમિયાન તેમની નજર ચૂકવી અંદર રહેલા ઈસમો બે તોલા ની સોનાની ચેઈન તોડી લીધી હતી અને હંસાબેન ઉતારી ફરાર થઈ ગયા હતા આ અંગે હંસાબેન કાપડિયા દ્વારા શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી હતી જે અંગે ભરૂચ એલસીબી પોલીસ ની ટીમ પણ તપાસ શરુ કરી રીક્ષા અને અંદર ના ઈસમો વર્ણન આધારે ટેક્નિકલ સર્વેલન્સ સાથે સીસીટીવી ફૂટેજ તપાસ કરી હ્યુમન ઈન્ટેલીજન્સ ની મદદ જૂના બોરભાઠા પાસે વાહન ચેકિંગ શરુ કર્યું હતું. દરમિયાન વર્ણન આધારે રીક્ષા આવી ચઢતા પોલીસે કોર્ડન કરી રોકી હતી. પોલીસે એ રીક્ષા માંથી અમરેલી ના ભરત સોલંકી, ( દેવીપૂજક ) મીરાનગરના અને મૂળ સુરેન્દ્રનગરના તાતા વાઘરી, ભરૂચ નવા બસ ડેપો ઝૂંપડપટ્ટી માં રહેતા સંજય રાઠોડ અને રેખા ચુડાસમ ને ઝડપી પાડ્યા હતા. તેમની અંગઝડતીમાંથી સોનાની તુલસી માળા મળી આવી હતી. પોલીસે તમામ ની અટક કરી અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ ના હવાલે કર્યા હતા. અને તેમની પાસે તિહાં મોબાઈલ 5 , ઓટો રીક્ષા અને સોના ની માળા મળી કુલ 1.87 લાખ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 26/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### આરોપી પાસેથી પણ વધુ 7 કાર્ટિઝ મળી, અંકલેશ્વરમાંથી સાગરીત ઝડપાયો હતો

# તમંચા અને કારતૂસ પ્રકરણમાં મુખ્ય આરોપી ઝબ્બે, પકડાઇ જવાની બીકથી મિત્રને આપ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની રાજપીપળા ચોકડી પાસે દેશી પિસ્તોલ અને 14 કાર્ટિઝ સાથે જોલવા ખાતેના એક ભરવાડ ઝડપાવાના કેસમાં અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે મુખ્ય સુત્રધાર રોહિત મંડલને ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી પણ બીજા 7 જીવતા કારતૂસ કબજે કર્યાં હતાં.

ભરૂચ એલસીબીની ટીમે પાંચ દિવસ પહેલાં અંકલેશ્વરની રાજપારડી ચોકડી ઓવર બ્રીજ પાસે પેટ્રોલિંગમાં હતી. તે વેળાં બે શખ્સો પિસ્તોલ રાખી કોઇ ગુનાઇત કૃત્યને અંજામ આપવાના હોવાની બાતમીના આધારે રેડ પાડતાં એક શખ્સ ભાગી છુટ્યો હતો. જ્યારે જોલવા ગામનો ભરત માલા બાબા નામનો ભરવાડ ઝડપાઇ ગયો હતો તેની પાસેથી એક દેશી પિસ્તોલ,14 કાર્ટીઝ અને 2 મેગ્ઝિન, બાઈક પોલીસે જપ્ત કર્યો હતો. પુછપરછમાં જોલવા પાસે પંચરની દુકાન ચલાવતો અને ગડખોલ ગામની પરિશ્રમ સોસાયટીમાં રહેતો રોહિત સુનિલ મંડલે તેને હથિયાર આપ્યાની કબુલાત કરી હતી. પોલીસે તેને શોધવાના ચક્રો ગતિમાન કરતાં આખરે રોહિત મંડળને ઝડપી પાડવામાં પોલીસને સફળતાં મળી હતી. તેને તેની બોલેરો પિકઅપ સાથે પોલીસે દબોચી લીધો હતો. વાહનમાં તપાસ કરતાં પોલીસને પાછળની સીટમાં સંતાડેલાં બીજા 7 જીવતા કાર્ટીઝ પોલીસને મળી આવતાં પોલીસે તેની ઉલટ તપાસ શરૂ કરી હતી. તેણે જણાવ્યું હતું કે, તેણે બે વર્ષ પહેલાં વાપી ખાતે રહેતાં તેના મિત્ર મનિષ પાસેથી શોખ માટે લાવ્યો હતો. દરમિયાનમાં તેની પાસે પિસ્તોલ હોવાની પોલીસને શંકા હોવાનું તેને લાગતાં તેણે ભરતને બોલાવી તેની પાસેની પિસ્તોલ તેમજ 14 કાર્ટીઝ અને બે મેગ્ઝિન ભરવાડને આપી હતી. પોલીસે તે અન્ય કોઈ ગુનાઈત કૃત્યમાં સંડોવાયેલો છે કે કેમ તેની વિગતો મેળવવા તેના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 27/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અભયમની ટીમે પહોંચી સમાધાન કરાવ્યું

# પત્નીની જમીન વેચાણના 10 લાખ માટે પતિનો ત્રાસ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં ઉદ્યોગો તથા અન્ય પ્રોજેકટો માટે સંપાદિત કે વેચાણ કરવામાં આવતી જમીનોના કરોડો રૂપિયા માલિકોને મળી રહયાં છે. એક ગામમાં જમીન વેચાણના 10 લાખ માટે પતિએ પત્ની પર શારિરીક અને માનસિક ત્રાસ ગુજાર્યો હોવાની ઘટના સામે આવી છે. પત્નીના પિયરની જમીનનું વેચાણ થતાં લાખો રૂપિયા આવ્યાં હતાં અને આ બાબતની જાણ પતિને થઇ હતી. જેથી તેણે પિયરમાંથી પૈસા લઇ આવવા માટે પત્નીને ત્રાસ આપવો શરૂ કરી દીધો હતો. તે તેની પત્નીને કહેતો હતો કે તારી પાસે લાખો રૂપિયા આવી ગયાં છે અને હવે મારે કમાવાની કોઇ જરૂર નથી.પત્નીના જે કંઈ પૈસા આવ્યા છે એનાથી આખી જિંદગી ચાલી જશે. પીડિતાએ તેમના પતિને કહ્યું આપણો એક દીકરો છે આ પૈસાથી આખી જિંદગી જીવન ના જીવાય અને તમે તમારા જે જમીન છે એ પાછી માંગી લો અને ખેતી શરૂ કરી દો. આ વાત કહેતાની સાથે પતિ તેની પત્નીને કુહાડી લઇને મારવા દોડયો હતો.

**DATE: 27/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝઘડિયા પોલીસે ઝડપી પાડ્યો

# સગીરાને ભગાડી જનાર યુવાન ચોરીના 5 ફોન સાથે સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

નબીપુર પોલીસ સ્ટેશનમાં સગીરાને ભગાડી જવાના ગુનામાં એક મહિનાથી નાસતો ફરતો આરોપી ઝઘડિયા પોલીસના હાથે ચોરીના મોબાઈલ સાથે ઝડપાયો છે. ઝઘડિયા જીઆઈડીસી પોલીસને એક ઈસમ સરદારપુરા ચોકડી વિસ્તારમાં મોબાઈલ ફોન વેચવાની ફિરાકમાં હોવાની બાતમી મળી હતી. પીએસઆઈ રાઠોડ તથા તેમની ટીમે વોચ ગોઠવીને હાલ ઝઘડિયાના તલોદરામાં રહેતાં અંને મુળ કોસંબાના ઈમરાનને ઝડપી લીધો હતો. તેની પાસેથી અલગ અલગ કંપનીના 5 મોબાઈલ મળી આવ્યાં હતાં. આરોપીની પુછપરછ દરમિયાન તેણે નબીપુર ખાતેથી છેલ્લા એક મહિનાથી એક 15 વર્ષની સગીર બાળકીને પોતાની સાથે ભગાડી લાવેલ હોવાની માહિતી સામે આવી હતી. ઝઘડિયા પોલીસે આરોપીને નબીપુર પોલીસને સોંપવાની કવાયત આદરી છે. આરોપીએ મોબાઈલ ફોનની કયાંથી ચોરી કરી હતી સહિતની વિગતો મેળવવામાં આવી રહી છે તેમજ તે એક મહિનાથી કયાં હતો તેની તપાસ ચાલી રહી છે.

**DATE: 27/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### 7 મહિનાથી પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો

# અંકલેશ્વરમાં દારૂ માટે ગોડાઉન ભાડે આપનારો કેમિકલ ચોર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી માં ઈંગ્લીશ દારૂ માટે ગોડાઉન ભાડે આપનાર મુખ્ય સૂત્રધાર પોલીસ સકંજામાં આવી ગયો છે. એલસીબી પોલીસે ક્રિસ્ટલ ચોકડી પર આવેલ એક ગોડાઉનમાંથીદારૂનો1 9.23 લાખ નો જથ્થો ઝડપી પાડ્યો હતો. સ્થળ પરથી ગોડાઉનની રખેવાળી કરતાવાલિયાના રામદાસ વસાવાને ઝડપી પાડ્યો હતો. નેત્રંગના કુખ્યાત બુટલેગર અશોક કેસરીમલ માલી અને કેમિકલ ચોર અને ગોડાઉન સંચાલક લખીરામ ગિરિરાજ ગૌતમની સંડોવણી બહાર આવી હતી.

આ કેસમાં ટંકારીયાના બુટલેગર ઈમરાન પટેલ સહિતના આરોપીની ધરપકડ અગાઉ કરવામાં આવી હતી.ગોડાઉન ભાડે આપનારો લખીરામ ગૌતમ છેલ્લા 7 મહિનાથી પોલીસ ધરપકડ થી બચી નાસતોફરતો હતો. આરોપી તેના ઘરે આવ્યો હોવાની માહિતી તાલુકા પોલીસને મળતાં દરોડો પાડી તેને દબોચી લેવાયો હતો. લખીરામ અંકલેશ્વરમાં વિવિધ કંપની માંથી નીકળતા કેમિકલ ભરેલા ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરી તેનો વેપલો ચલાવતો હતો જે બાદ હવે દારૂ ના વેપલામાં ઝંપલાવ્યું હતુ.

**DATE: 28/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### જુના બોરભાઠા ગામમાં થયેલી

# ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા વધુ બે આરોપીને ઝડપી લેવાયા

**અંકલેશ્વર તા. ૨૭**

અંકલેશ્વરના જુના બોરભાઠા ગામમાં ગત માર્ચ મહિનામાં ઘરફોડ ચોરીને અંજામ આપનારા ત્રણ તસ્કરો પૈકી વધુ બે વોન્ટેડ આરોપીઓ ઝડપાયા હતા.ભરૂચ બી ડિવિઝન પોલીસ પાસેથી અંકલેશ્વર પોલીસે ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવ્યો હતો.

## સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત રૂ. ૫૦ હજારની ચોરી થઈ છે,જેમાં અગાઉ એક શખ્સ ઝડપાયો છે

ગત તા.૧૪ માર્ચના રોજ અંકલેશ્વરના નવા બોરભાઠા ગામના પરમાર ફળિયામાં રહેતા હીનાબેન માસ્તરના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના-ચાંદીના ઘરેણાં અને રોકડા રૂ. ૫૦હજાર મળી કુલ રૂ. ૩ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.ચોરી અંગે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.દરમિયાન ભરૂચ બી ડિવિઝન પોલીસે ભરૂચના ગુલબીનો ટેકરો વિસ્તારમાં રહેતા સતવંતસિંહ ઉર્ફે સંતુ ગુરુદાસસિંગ ટાંક અને તેજેન્દ્રસિંગ ઉર્ફે રોહિત રગબીરસિંગ સરકારને ઝડપી પાડ્યો હતો જે બંનેની એ ડિવિઝન પોલીસે ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.આ ગુનામાં આ અગાઉ લખનસિંગ સરકાર ઝડપાયો હતો

**DATE: 28/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ પોલીસે ઝડપેલા બે સીકલીગરોએ ગુનાની કબૂલાત કરી

# નવા બોરભાઠા ગામે ₹ 3 લાખની ઘરફોડ ચોરીમાં 2 તસ્કર સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નવા બોરભાઠા ગામ ખાતે થયેલ ચોરીમાં ભરૂચ પોલીસે ઝડપી પાડેલાં સીકલીગર ગેંગના બે સાગરિતોની સંડોવણી બહાર આવી છે.

ગત 15 મી માર્ચ ના રોજ નવા બોરભાઠા ગામ ખાતે આવેલ પરમાર ફળીયામાંરહેતાહીના માસ્ટર ગત રોજ પોતાના ઘરની બાજુમાં બનાવેલ નવા મકાનને રાત્રીના બંધ કરી બાજુના જુના મકાનમાં સુઈ ગયા હતાં. નવા બંધ મકાનને નિશાન બનાવી



તસ્કરો નકુચો તોડી અંદર પ્રવેશ્યાં હતાં અને તિજોરીમાંથી રોકડ રૂપિયા 50 હજાર તેમજ સોનાનાદાગીના મળી કુલ 3 લાખની મત્તા ચોરી ફરાર થઈ ગયાં હતાં. તાજેતરમાં ભરૂચ પોલીસે કસક નવીનગરી ખાતે રહેતા સતવનસીંગ ઉર્ફે સંતુ ગુરદાસ સીંગટાંક અને વડોદરાના બાજવા ખાતે રહેતા તેજીન્દરસિંગઉર્ફે રોહિત રઘબીરસિંગ સરદારને ઝડપી પાડયાં હતાં.

બંને તસ્કરોએ પૂછપરછ દરમિયાન નવા બોરભાઠા ગામે કરેલી ચોરીના ગુનાની કબુલાત કરતાં બંનેને અંકલેશ્વર પોલીસના હવાલે કરાયાં છે. અંકલેશ્વર પોલીસ હવે આરોપીઓએ અન્ય કોઈ સ્થળોએ ચોરી કરી છે કે કેમ અને તેમના અન્ય કોઈ સાગરિતો છે કેમ સહિતની બાબતોની વધુ તપાસ ચલાવી રહી છે.

**DATE: 28/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સખી વન સ્ટોપ સેન્ટરમાં દંપતીની કાઉન્સેલિંગ કરાતાં ભાંડો ફૂટ્યો

# પતિના 44 મહિલા સાથે અનૈતિક સંબંધોની જાણ થતાં પત્ની ચોંકી ઉઠી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની એક પીડિત મહિલાના પતિએ 44 મહિલા સાથે અનૈતિક સંબંધ રાખ્યા હતા જેની જાણ તેમની પત્નીને થતાં સખી વન સ્ટોપ સેન્ટર પાસે મદદ માગી હતી. પીડિત મહિલાએ જણાવ્યું હતું કે તેમણે પરિવારના વિરુદ્ધ જઈને પ્રેમ લગ્ન કર્યાને બે વર્ષ જેટલો સમય થયો છે. અને પતિના અન્ય મહિલા સાથે અનૈતિક સંબંધની શંકા છે. પીડિત મહિલાને સેન્ટર પર બોલાવી કાઉન્સલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં પતિએ કોઈ અન્ય મહિલા સાથે સંબંધ નહીં હોવાનું જણાવ્યું હતું. પણ શંકા જતાં ફરી કાઉન્સલિંગ કરવામાં આવ્યું હતું. ત્યારે પતિએ સ્વીકાર્યું હતું કે તેમનું 44 મહિલા સાથે અનૈતિક સંબંધ હતા. જેમથી હાલ પત્ની સિવાય બીજી બે મહિલા સાથે અનૈતિક સંબંધ રાખ્યા છે. તેવું જણાવતા તેમનો ફોન તપાસ કરવામાં આવ્યો હતો.

કરતાં તેમાં અન્ય મહિલા સાથે પડાવેલા ફોટા અને ઓનલાઈન સોશિયલ મીડિયાના માધ્યમથી કરેલ વાતચીત જોવા મળી હતી. તેથી તે યુવતીનો બોલાવી સમજાવવામાં આવી હતી ત્યારે તેમણે જણાવ્યુ હતુ કે લગ્ન કરવાની લાલચ આપી 10 હજાર લીધા હતા. જે રકમ તાત્કાલિક આપવામાં આવી હતી. મહિલાઓની જિંદગી ખરાબ નહીં કરવા અને પત્ની સાથે રહેવા માર્ગદર્શન આપી સમાધાન કરાવ્યું હતું અને સુખદ અંત લવાયો હતો.